# રામનામની ખેતી




હમણાં એક ભજન સાંભળ્યું. જે આ પ્રમાણે હતું: ''ખેતી કરો ભાઈ રામનામની. ના રૂપિયા લાગે, ના પૈસા લાગે, ખેતી કરો ભાઈ રામનામની'' ભજન ખૂબ જ સરસ,સરળ,સહજ છતાં અનેક અર્થછાયાઓથી સભર છે. ભજનમાં વ્યકત તો થાય છે રામનામનો મહિમા પણ એ મહિમા જરા જૂદી રીતે રજૂ થયો છે. ભજનમાં રામનામના સ્મરણની વાત નથી. રામની ભક્તિની વાત નથી. એમાં રામનામની ખેતી કરવાનો આદેશ છે, અનુરોધ છે.

હવે પ્રશ્ન એ થાય કે રામનામની ખેતી કેવી રીતે કજી શકાય? જેમ જમીનમાં બીજ વવાય, તેને પાણીનું સિંચન થાય, એને હળથી , ટ્રેકટરથી જમીનમાં જમીનને ખોદીને એમાં બીજ નાખવા માટે તૈયાર કરવામાં આવે. એમાંથી જે અનાજ પાકે તેના સેવનથી જીવના જીવનને પ્રાણને પુષ્ટિ મળે છે.તેનામાં ચોકકસ પ્રકારની શકિતનું સિંચન થાય છે, અવિર્ભાવ થાય છે. એથી જીવ પોતાના જીવનમાં ઊર્જાનો સ્રોત પ્રકટે છે અને આપણાં અંતર-અસ્તિત્વને માનવતા અને દિવ્યતાનો પાક મળે છે.

રામનામની ખેતી કહેવા પાછળનો આશય એ છે કે જેમ ખેતી માટે પરિશ્રમ કરવો પડે છે અને પાક તૈયાર થાય ત્યાં સુધી રાહ જોવી પડે છે તે રીતે રામનામની ખેતી કરવા માટે પણ પરિશ્રમ કરવો પડે છે. એનું સાતત્ય જાળવવું પડે છે અને રામની કૃપા વરસે, રામ મળે ત્યાં સુધી પ્રતીક્ષા અને સાધના કરવી પડે. ખેડૂત જેમ બીજ રોપ્યા પછી તેની માવજત કરે છે તેમ આપણે પણ રામની ખેતીને પરિપકવ બનાવવા માટે તેની માવજત રૂપે રામના શરણે રહી તેનું સ્મરણ સતત કર્યે રાખવું પડે છે. ત્યારે તેની કૃપા મળે છે.

રામકૃપા મળે તેનો અર્થ એવો નથી કે રામ મનુષ્યની જેમ સામે આવી કહે કે હું રામ છું. આ મારી કૃપા છે. હા, રામ માનવરૂપે મળે ખરા, પણ એ તો બહુ દૂરની વાત છે. કોઈ વિરલને જ એ મળે છે. રામકૃપાના પ્રતાપે અને પ્રભાવે જીવન સરળ, સહજ અને ભર્યુંભર્યું બને છે. સુખ, શાંતિ અને આનંદનો અનુભવ સતત થતો રહે છે. આ રામ ખેતીનો પ્રતાપ અને પ્રભાવ છે.

**ભજનિકે રામ સાથે સ્મરણ કે ભક્તિ કે એવો કોઇ શબ્દ વાપરવાના બદલે 'ખેતી' શબ્દ વાપર્યો છે. જેનાથી પરિશ્રમ, પ્રતીક્ષા અને પ્રયત્નનો સંદેશ વ્યકત કર્યો છે. જેમ ખેતીનો પાક જીવને તન-મનથી પુષ્ટ બનાવે છે તેમ રામનામ જીવને દિવ્ય બનાવે છે**

અવનવા કાર્યો કરવા શકિમાન બને છે. આ ખેતી ખેતરમાં જમીનમાં થાય છે. એના પર વરસાદ વરસવાથી રોપેલાં બીજ ફળ, ફૂલ, અનાજના દાણા વગેરેમાં રૂપાંતરિત થઈને ખેડૂતને પ્રાપ્ત થાય છે. એ માટે ખેડૂત ટાઢ, તાપ, વરસાદ વેઠીને પોતાનું ખેતી કાર્ય કરે છે.

એ જ રીતે આ ભજનમાં ભજનિક જીવને રામનામની ખેતી કરવાનું કહે છે. રામનામની ખેતી કેવી રીતે થાય? રામનામની ખેતી કરવા ખેડૂતની જેમ આપણે આપણાં અંતર -આત્માની ભૂમિ પર રામનામના અંકુર રોપવાના છે. કેવી રીતે? બસ રામનામ જપ, સ્મરણ કરીએ, ખેતરમાં તો અંકુર એક વાર રોપવામાં આવે છે. પણ રામનામની ખેતી કરવા તો રામનામનું સ્મરણ સતત કરવું પડે. કરવું જરૂરી છે. રામનામના સ્મરણના સાતત્યથી અંતર આત્મામાં જન્મોજન્મનાં અસત કર્મોનો ક્ષય થાય છે. પુણ્યનો ઉદય થાય છે. રામની સમીપ પહોંચવાનો માર્ગ મોકળો બને છે. અંતર અસ્તિત્વમાં ધીમે ધીમે દિવ્યતાનો અવિર્ભાવ થવા માંડે છે. ખેતરમાંથી ખેતીનો પાક મળે તેમ આપણા અંતરના ખેતરમાંથી રામનામની એક

**માધવ મલ્હાર**
**તપન ત્રિવેદી**

ભજનિકે રામ સાથે સ્મરણ કે ભક્તિ કે એવો કોઈ શબ્દ વાપરવાના બદલે 'ખેતી' શબ્દ વાપર્યો છે. જેનાથી પરિશ્રમ, પ્રતીક્ષા અને પ્રયત્નનો સંદેશ વ્યકત કર્યો છે. જેમ ખેતીનો પાક જીવને તન-મનથી પુષ્ટ બનાવે છે તેમ રામનામ જીવને દિવ્ય બનાવે છે. રામ રાજા છે. પણ એ પરબ્રહ્મ છે. સત્ય અને દિવ્ય તત્ત્વ છે. રામ એક ઊર્જા છે. એ ઊર્જા જીવનને સતત ધબકતું રાખે છે. જયારે માનવીના શ્વાસ થંભી જાય છે અને નનામી ઘરની બહાર નીકળે છે ત્યારે 'રામ' બોલવામાં આવે છે. એનું કારણ રામનામનું સ્મરણ કરાવવામાં આવે છે અને હવે પછીના જન્મોમાં પણ તેનું સ્મરણ સતત સાથે રહે તે આશયથી 'રામ' બોલવામાં આવે છે. રામની ખેતીનો પરિપાક માત્ર આ જન્મે જ નહીં , જન્મોજન્મ પ્રાપ્ત થતો રહે છે. તેથી 'રામનામની ખેતી' નો શબ્દ વિનિયોગ ભજનિકે કર્યો છે તે વિચારણીય છે.

# જાણીતા પ્રાર્થના - શ્લોકમાં રહેલું ગૂઢ રહસ્ય



એક ખૂબ જ જાણીતો શ્લોક છે જે પૂજાપાઠ, આરતી પછી ઘરોમાં, મંદિરોમાં કે કથા પછી બોલવામાં આવે છે. શાળાઓમાં પણ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવે છે અને લગભગ બધાંને જ આવડતો હોય છે કેમ કે લોકો નાનપણથી આ પ્રાર્થના શ્લોક બોલતા, સાંભળતા હોય છે. તેનો મોટાભાગનો ભાવાર્થ પણ લોકો સમજે છે પરંતુ તેમાંના એક શબ્દનું ગૂઢ રહસ્ય છે જે બધાંને ખબર નથી. એ પ્રાર્થના શ્લોક છે. 'ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ ચ સખા ત્વમેવ, ત્વમેવ વિદ્યા ચ દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વમ મમ દેવદેવં.' સરળ ભાવાર્થ એ છે કે 'હે ભગવાન, તમે જ માતા છો, તમે જ પિતા છો, તમે જ ભાઈ છો, તમે જ મિત્ર છો, તમે જ વિદ્યા છો, તમે જ દ્રવ્ય છો, તમે જ બધું છો, મારા દેવ છો.'

શ્લોકના બીજા બધા શબ્દોનો અર્થ તો બરાબર સમજાય પરંતુ 'દ્રવિણં' નો અર્થ શું એવું કંઈ કેટલાય ભક્તો, જ્ઞાનીઓને પૂછતા પરંતુ ગળે ઊતરે તેવી સમજ કે જવાબ ન મળે. 'દ્રવિણં' એટલે દ્રવી જવું એવો અર્થ સમજાવાય. દ્રવિણં એટલે દ્રવ્ય-ધન, સંપત્તિ. દ્રવ્ય જે તરલ છે, નિરંતર પ્રવાહીમય છે એટલે કે જે સ્થિર નહીં રહે તે. એમ તો લક્ષ્મી પણ ક્યાં ટકે છે? પ્રાર્થના તો સુંદર છે જ પરંતુ તેમાં રહેલો 'ચડિયાતો ક્રમ' પણ પ્રેરક, સમજવા જેવો છે. સૌથી પહેલા માતા કેમ? તે છે તો પછી દુનિયામાં કોઈની જરૂર જ નહીં એટલા માટે હે ભગવાન, તમે માતા છો પછી પિતા એટલે હે ઈશ્વર, તમે પિતા છો. બંને નહીં હોય તો પછી ભાઈ જ કામ આવશે એટલા માટે ત્રીજા ક્રમે ભગવાનનો ભાઈ સાથે સંબંધ જોડ્યો છે. જેને માતા, પિતા, ભાઈ નહીં રહ્યા હોય ત્યારે મિત્ર જ કામ આવી શકે- સાથ આપી શકે એટલે સખા ત્વમેવ. તે પણ નહીં હોય તો તમારી વિદ્યા જ કામ આવવાની છે. જો જીવન સંઘર્ષમાં નસીબે તમને એકલા છોડી દીધા હોય ત્યારે તમારું જ્ઞાન જ તમારો ભગવાન બની શકશે એવો ભાવ છે અને છેવટે દ્રવિણં એટલે કે ધન જ્યારે કોઈ પાસે ન હોય ત્યારે હે દેવ, તમે જ ધન છો.'

**દ્રવિણં એટલે દ્રવ્ય-ધન, સંપત્તિ. દ્રવ્ય જે તરલ છે, નિરંતર પ્રવાહીમય છે એટલે કે જે સ્થિર નહીં રહે તે. એમ તો લક્ષ્મી પણ ક્યાં ટકે છે? પ્રાર્થના તો સુંદર છે જ પરંતુ તેમાં રહેલો 'ચડિયાતો ક્રમ' પણ પ્રેરક, સમજવા જેવો છે**

પ્રાર્થના રૂપી શ્લોકના રચનારે ચડિયાતા ક્રમમાં ધન દ્રવિણં સૌથી પાછળ રાખ્યું પરંતુ આપણા વ્યવહારમાં, આચરણમાં સૌથી ઉપર દ્રવિણં કેમ આવે? અને તેને ઉપર લાવવામાં મેળવવામાં માતાથી પિતા સુધી, ભાઈથી મિત્ર સુધી, બધાં નીચે ઊતરી જાય છે - પાછળ રહી જાય છે. જે કીમતી છે અને તેનાથી વધુ કીમતી બીજું પણ છે આપણા પોતાનાનું સ્થાન ખૂબ ઊંચું છે. પ્રાર્થનાઓ તો ઘણી છે અને ઉત્તમ પણ છે પરંતુ અદભુત ચડિયાતો ક્રમ દર્શાવતી આ પ્રાર્થના અંગત રીતે મને ખૂબ ગમે છે કેમ કે તે જીવનના સૂત્ર અને સંબંધોનો મર્મ શીખવે છે. દ્રવિણં સૌથી પાછળ બાકી સંબંધ ઉપર સૌથી નીચે ધન તે સિવાય સંબંધો ઉપર ચડિયાતા ક્રમે આવે આ અનોખી પ્રાર્થનાનો ભેદ ગુરુજનો પાસે જાણવા મળ્યો કે પરિવાર અને દ્રવિણમની હેસિયતથી મિત્રો સાથે સત્સંગ થાય છે. 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ' જો ક્યારેક પોતાના ચડિયાતા ક્રમને બદલાવા લાગે તો આ પ્રાર્થના જરૂર યાદ કરવી. જીવનમાં, વ્યવહારમાં ક્રમ હંમેશાં માતા-પિતા, બંધુ, મિત્રનો હોવો જોઈએ. લોહીના સંબંધો, લાગણીના સંબંધો અમૂલ્ય હોય છે. દ્રવ્ય જરૂરી છે પરંતુ પ્રાર્થના શ્લોક મુજબ તેનું સ્થાન હોવું જોઈએ. 'ઈદં ન મમ'.

**ધર્મ મર્મ**
**શ્રીજીવ વ્યાસ**



# અમેરિકાની ધરતી પર પ્રખ્યાત થયેલા કાર્યસિદ્ધિ હનુમાન

* SGS કાર્યસિદ્ધિ હનુમાન મંદિરને ન્યૂ જર્સી સરકાર દ્વારા સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી છે. પૂજ્ય સ્વામીજીના દિવ્ય ઉદ્દેશ માટે એક મહાન વિજય ગણાય.
*અમેરિકાના ન્યૂ જર્સી રાજ્યમાં આપણી ભારતીય સંસ્કૃતિ અને પૂજ્ય શ્રી ગણપતિ સચ્ચિદાનંદ સ્વામીજીની આધ્યાત્મિક સેવાઓ માટે એક દુર્લભ સન્માનરૂપે.
*બર્લિંગ્ટન SGS કાર્યસિદ્ધિ હનુમાન મંદિરના કુંભાભિષેક મહોત્સવ પ્રસંગે, ન્યૂ જર્સી રાજ્ય વિધાનસભાએ એક ખાસ ઠરાવ રજૂ કર્યો. ઉપરાંત, મેયરે 31 માર્ચને 'હનુમાન ઉત્સવ સપ્તાહ' તરીકે સત્તાવાર રીતે જાહેર કર્યો. આ આપણા બધા માટે ગર્વની વાત છે!
* ન્યૂ જર્સી એસેમ્બલી અને બર્લિંગ્ટન ટાઉનશીપ દ્વારા પૂજ્ય શ્રી સ્વામીજી અને નવા પવિત્ર હનુમાન મંદિરને મળેલા સત્તાવાર સન્માન પ્રમાણપત્રો. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય આધ્યાત્મિકતા માટે આ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે.